


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ


તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-19 ■ તા. 2-05-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk




એપ્રિલ ભારે રહ્યો : નોંધાયા ૬૬ લાખ કેસ, સૌથી વધુ સંક્રમિત અમેરિકામાં નવા દર્દીઓથી ૭ ગણો

# કોરોનાનું વિકરાળ સ્વરૂપ, ૧ દિવસમાં ૪ લાખથી વધુ કેસ, ૩૫૨૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૧

કોરોનાનું પ્રચંડ સ્વરૂપ નિયંત્રણમાં આવવાના બદલે દરરોજ વધુ વિકરાળ બની રહ્યું છે. ભારતમાં કોરોના દરરોજ પોતાના પાછલા રેકોર્ડ તોડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪ લાખ કરતા પણ વધારે નવા કેસ સામે આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે દેશમાં કોરોનાના ૪,૦૧,૯૯૩ નવા કેસ સામે આવ્યા છે અને ૨૪ કલાકમાં જ ૩,૫૨૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

તેના એક દિવસ પહેલા દેશમાં કોરોનાના ૩,૮૬,૪૫૨ નવા કેસ સામે આવ્યા હતા અને ૩,૪૯૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. દેશમાં આજથી એટલે કે શનિવારથી વેક્સિનેશનનો ત્રીજો તબક્કો પણ શરૂ થઈ ગયો છે. આજથી ૧૮ વર્ષથી ૪૫ વર્ષની ઉંમર ધરાવતા લોકો પણ વેક્સિન લઈ શકશે. જો કે, દુર્ભાગ્યવશ અનેક મોટા રાજ્યોમાં વેક્સિનની ભારે તંગી છે.

વેક્સિન શોર્ટેજના કારણે અનેક રાજ્યોએ પહેલી મેથી શરૂ થતો વેક્સિનેશન પ્રોગ્રામ શરૂ કરવામાં અસમર્થતા દર્શાવી છે અથવા તો તેમાં આંશિક રીતે જોડાયા છે. મહારાષ્ટ્ર, ગોવા, યુપી, રાજસ્થાન, ગુજરાત, આંધ્ર પ્રદેશ જેવા રાજ્યોમાં વેક્સિનની ભારે તંગી છે. દેશની રાજધાની દિલ્હી અને મહારાષ્ટ્ર હાલ કોરોનાના હોટસ્પોટ બન્યા છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૭,૦૭૪ નવા કેસ સામે આવ્યા છે અને ૩૭૫ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દિલ્હીમાં હાલ સક્રિય દર્દીઓની સંખ્યા ૯૯,૩૬૧ થઈ ગઈ છે.

એપ્રિલ મહિનામાં ૬૬ લાખથી પણ વધારે કેસ સામે આવ્યા છે. જેને ગત વર્ષ મહામારીની શરુઆત બાદ સંક્રમણના મામલાને લઈને સૌથી ખરાબ મહિનો સાબિત થયો છે. એપ્રિલમાં નોંધાયેલા નવા મામલા ગત ૬ મહિનામાં સામે આવેલા મામલામાં સૌથી વધારે રહ્યા જે સંક્રમણની બીજી લહેરની ગંભીરતા દર્શાવે છે.

ભારતમાં કોરોનાના એક દિવસના કેસ ૪ લાખ ૧ હજાર ૯૧૧ મામલા સામે આવ્યા છે. જેની સાથે જ સંક્રમિત લોકોના અત્યાર સુધીના આંકડા વધીને ૧.૯૧ક્રચ પાર પહોંચી ગયા છે. જયારે માર્ચના અંત સુધીમાં મામલાની સંખ્યા ૧૨૧૪૯૩૩૫ હતી. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યુ કે એપ્રિલ બાદથી સંક્રમણના મામલા સ્પીડમાં વધ્યા છે.૫ એપ્રિલથી રોજ એક લાખથી વધારે મામલા સામે આવવા લાગ્યા જયારે ૧૫ એપ્રિલથી આની સંખ્યા પ્રતિદિન ૨ લાખને પાર થઈ ગઈ અને ૨૨ એપ્રિલથી રોજના ૩ લાખથી વધારે મામલા નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુકત સચિવ



અગ્રવાલે કહ્યુ કે ગત ચાર અઠવાડિયામાં દિલ્હી, ઉત્ત્ાર પ્રદેશ, છત્ત્ાીસગઢ, ગુજરાત, ઝારખંડ, પંજાબ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં પરિસ્થિતિ વધારે ચિંતાજનક છે.

૧૦ દિવસમાં કેસ ૪ લાખને પાર પહોંચ્યા છે. દેશભમાં સંક્રમણની સ્પીડીની વાત કરીએ તો ગત ૧૦ દિવસમાં કોરોનાના દર્દીના આંકડા રોજના ૩ લાખથી ૪ લાખને પાર થયા છે. આ પહેલા ૨૧ એપ્રિલથી રોજના ૩ લાખથી વધારે મામલા સામે આવ્યા છે. ૨૧ એપ્રિલે જયાં ૩.૧૫ લાખ દર્દી મળ્યા હતા. ત્યારે ૨૨ ના રોજ ૩.૩૨ લાખ, ૨૩ના રોજ ૩.૪૫ લાખ, ૨૪ના રોજ ૩.૪૮ લાખ, ૨૫ ના રોજ ૩.૫૪ લાખ, ૨૬ના રોજ ૩.૧૯ લાખ. ૨૭ના રોજ ૩.૬૨ લાખ, ૨૮ના રોજ ૩.૭૯ લાખ, ૨૯ ના રોજ ૩.૮૬ લાખ અને ૩૦ એપ્રિલે ૪.૦૧ લાખ નવા દર્દી મળ્યા છે.

બીજો ડોઝ લેવા આવનારને બીજા સેન્ટર પર જવા કહ્યું, ઓનલાઇન રજિસ્ટ્રેશન કન્ફર્મ ન થતા હેરાન થયા હતા

# ૧૮+નું વેક્સિનેશન માટે લાંબી લાઈનો, તો ક્યાંક કેન્સલ, લોકોને ભારે હાલાકી

અમદાવાદ,તા.૧

રાજયમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગરમાં ૧૮થી ૪૪ વર્ષની વયના યુવાનોને કોરોના વેક્સિનેશનનો પ્રારંભ થયો છે. આજે પહેલાં જ દિવસે અફરાતફરીનો માહોલ અમદાવાદ શહેરના કેટલાક સેન્ટર પર થયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનની અવ્યવસ્થાના કારણે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો માહોલ થયો છે. રજિસ્ટ્રેશન વેરિફિકેશન, સોફ્ટવેર પ્રોબ્લેમ, રજિસ્ટ્રેશન કરેલા સેન્ટરની વિગત અને રસીનો જથ્થો ઓછો આવવાના લોકો હેરાન થયા છે. બાકીના સેન્ટરો પર યુવાનો રસી લેવા માટે લાઈન લગાવી હતી. ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને વેક્સિન આપવામા આવી હતી. જો કે વેક્સિન કોઈને ઓબ્ઝર્વેશનમાં બેસાડવામાં આવતા ન હતા.

કેટલાક સેન્ટર પર તો વેક્સિનેશન જ કેન્સલ કરી દેવામાં આવ્યું હતું. જેના કારણે લોકોને ભારે હાલાકી પડી હતી. વંદના પાર્થિવ પંચાલે જણાવ્યું હતું કે, કોવિન વેબસાઈટ પર તેઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ઘોડાસર વિસ્તારમાં આવેલી શાળા નંબર ૨માં તેઓને સવારે ૯થી ૧૧નો વેક્સિનેશન માટે સમય આપવામાં આવ્યો હતો. જોકે આજે સવારે અડધા કલાક પહેલા જ તેઓને મેસેજ આવ્યો હતો કે, તમારું વેક્સિનેશન કેન્સલ થયું છે અને કોવિડ એપ પર રિસિડયૂલ કરવું.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાહીબાગ વિસ્તારમાં આવેલા ઓસવાલ ભવન ખાતે પણ વેક્સિનેશન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે જેમાં આજે સવારથી ૧૪૫ જેટલા લોકોએ વેક્સિન લીધી હતી. શાહીબાગ વિસ્તારના કાઉન્સિલર ભરત પટેલ(લાલભાઈ)એ જણાવ્યું હતું કે, ૧૮ વર્ષથી ૪૪ વર્ષના લોકોને વેક્સિન આજથી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં આજે શાહીબાગમાં ઓસવાલ ભવન ખાતે સવારથી મોટી સંખ્યામાં જેમને વેક્સિન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું તેઓ વેક્સિન લેવા માટે પહોંચ્યા હતા. ૪૫ વર્ષથી ઉપરના લોકો માટે શાહીબાગ વોર્ડમાં ઘરે ઘરે અને સોસાયટીઓમાં વેક્સિનેશન કેમ્પ કર્યા હતા. વેક્સિનેશનમાં સ્થાનિક ધારાસભ્ય પ્રદીપ પરમાર પણ હાજર રહ્યા હતા.સાબરમતી શાળા નંબર ૭ ખાતે મોટી સંખ્યામાં લોકો વેક્સિન લેવા માટે ઉમટી પડ્યા હતા. જે યુવાનોએ ર્ર્ૈહ.ર્ષ્ઠદૃૈ.હ પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તેઓને જ વેક્સિન આપવામાં આવે છે ત્યારે કેટલાક લોકોને મેસેજ આવ્યો હતો. પરંતુ ક્યાં કેન્દ્ર પર રસી લેવી તેની માહિતી અંદર ન આવતાં તેઓ રસી લેવા ત્યાં પહોચ્યાં હતા કેટલાક લોકોને મેસેજ મળ્યો હતો છતાં તેઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કન્ફર્મ ન થતા હેરાન થયા હતા.

નરોડા વિસ્તારમાં આવેલી શાળાના ૨૦૦ લોકોને વેક્સિનનું રજિસ્ટ્રેશન હતું પરંતુ ૧૦૦ જ રસીના ડોઝ લાવવામાં આવ્યા હતા. જેના કારણે બીજા આવેલા લોકોને લાઈનમાં રાહ જોવી પડી હતી. અડધો કલાક બાદ વેક્સિન લાવી આપી હતી. બીજી તરફ જે સમય લોકોને આપવામા આવ્યો હતો તે મુજબ વેક્સિન આપવા ટોકન આપવામાં આવતું હતું. ટોકન લઈ લોકોને લાઈનમાં ઉભા રાખવામા આવ્યા હતા.

ટલોડિયા પ્રભાત ચોક ખાતે આવેલી નૂતન અંગ્રેજી સ્કૂલમાં ટોકન મુજબ લાઈનમાં લોકોને વેક્સિન આપવામાં આવી હતી. સોશિયલ ડિસ્ટન્સ સાથે લોકો વેક્સિન લેવા આવ્યા હતા. તમામ લોકોને વેક્સિન આપવામાં આવી હતી. બીજી તરફ નવરંગપુરા ખાતે આવેલી શાળા નંબર ૭-૮માં પણ લાઈનમાં રહી યુવાનોને વેક્સિન આપવામાં આવી હતી. વેક્સિન લીધા બાદ અડધા કલાક માટે બાજુમાં આવેલ ઓબ્ઝર્વેશન રૂમમાં બેસવાનું હોય છે જોકે, એકપણ વ્યક્તિને ઓબ્ઝર્વેશન રૂમમાં બેસાડવામાં આવ્યા ન હતા. વેક્સિન લઈ લોકો તરત ઘરે જતા રહ્યાં હતાં.જે લોકોએ રસીનો બીજો ડોઝ લેવાનો છે તેઓ પણ સ્કૂલ પર રસી લેવા પહોંચયા હતા. પરંતુ તેઓને આ સ્કૂલ પર માત્ર ૧૮થી ૪૪ વર્ષના જ લોકોને વેક્સિન આપવામાં આવે છે જેથી તેઓને અર્બન હેલ્થ સેન્ટર અથવા બીજા સેન્ટર પર જવા માટે કહ્યું હતું. નારણપુરા શાળા નંબર ૪માં આજે બીજો ડોઝ લેવાનો હોવા છતાં તેઓને બીજા સેન્ટર જવા માટે કહેવામાં આવ્યું હતું.

# ૩૦૦ વૈજ્ઞાનિકોનો મોદીને પત્ર, 'નવા વેરિએન્ટ્સ પર સમયસર અધ્યયન જરૂરી'

ન્યુ દિલ્હી,તા.૧

દિવસેને દિવસે દેશમાં કોરોનાની સ્થિતિ વધુ ખરાબ બની રહી છે. છેલ્લા કેટલાક દિવસથી સ્થિતિ એટલી વિસ્ફોટક બની ગઈ છે કે, ૩.૫ લાખ કરતા પણ વધારે નવા કેસ નોંધાઈ રહ્યા છે. દેશમાં કોરોનાના કેસમાં વધારાની સાથે સાથે અનેક રાજ્યોમાં વાયરસના ખતરનાક વેરિએન્ટ પણ જોવા મળી રહ્યા છે. પછી ભલે તે ડબલ મ્યુટેન્ટ હોય કે બંગાળનો ટ્રિપલ મ્યુટેન્ટ. સ્થિતિની ગંભીરતા સમજીને દેશના ૩૦૦ વૈજ્ઞાનિકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે.

પત્ર દ્વારા વડાપ્રધાન મોદીને વિનંતી કરવામાં આવી છે કે, વૈજ્ઞાનિકોને તમામ પ્રકારના ડેટાનો અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવે જેથી વાયરસને વધુ નજીકથી સમજી શકાય અને સમયસર યોગ્ય પગલા ભરી શકાય. અશોકા યુનિવર્સિટીના પ્રોફેસર શશિધરા અને કોલકાતાની ૈંૈંજીઈઇમાં વૈજ્ઞાનિક પ્રોફેસર પ્રાથો મજૂમદારે આ પત્રને ડ્રાફ્ટ કર્યો છે. શશિધરાએ ભાર આપીને કહ્યું હતું કે, દેશમાં કોરોનાની સ્થિતિ બગડી રહી છે અને સમયસર યોગ્ય પગલા નહીં ભરવામાં આવે તો સ્થિતિ બેકાબૂ થઈ જશે. તેમના કહેવા પ્રમાણે હવે વૈજ્ઞાનિકોને તમામ પ્રકારના ડેટાનો ઉપયોગ કરવાની મંજૂરી મળવી જોઈએ. તેનાથી આ મહામારી સામે પ્રભાવી રીતે લડી શકાશે અને પહેલેથી જ અનેક પ્રકારના પગલા ભરી શકાશે.

પત્રમાં દેશમાં કોરોનાના કેસ ખૂબ ઝડપથી વધી રહ્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અનેક સરકારી આંકડા પ્રમાણે દેશમાં હાલ જેટલા સક્રિય કેસ છે તેનાથી ૨૦ ગણા વધારે કેસ સામે આવી ચુક્યા છે. આ સંજોગોમાં અનેક લોકો વાયરસ ફેલાવવાની સાથે સુપર સ્પ્રેડરની ભૂમિકા ભજવી રહ્યા છે. વૈજ્ઞાનિકોના મતે જો સમયસર ચોક્કસ ભવિષ્યવાણી કરી દેવામાં આવે તો સરકાર અનેક જરૂરી પગલા ભરી શકે અને લોકોનો જીવ પણ બચી શકે. વડાપ્રધાનને વિનંતી કરવામાં આવી છે કે, આ મુશ્કેલ સમયમાં તેમની સરકાર તરફથી વૈજ્ઞાનિકોને માત્ર ફંડ જ ન આપવામાં આવે પરંતુ સાથે તમામ પ્રકારની પરમિશન અને સપોર્ટ પણ આપવામાં આવે. સાથે જ એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે કે, જો સમયસર કોરોના અંગેનો અભ્યાસ થાય તો દેશનું ભલુ થશે અને મોટા પાયે તબાહી પર અંકુશ મુકી શકાશે.

## કોવિડ-૧૯: અનેક મહિના બાદ પણ કોરોનાથી મોત થઈ શકે

ન્યુ દિલ્હી,તા.૧

કોરોનાના મોટા ભાગના દર્દીઓમાં હળવા લક્ષણો હોય છે જે હોમ આઈસોલેશનમાં સાજા થઈ રહ્યા છે. કેટલાક લોકોમાં લાંબા સમય સુધી કોરોનાના લક્ષણો રહી જાય છે અને કોરોનામાંથી સાજા થયા બાદ પણ તેમના મૃત્યુનું જોખમ રહેલું છે. બ્રિટિશ પત્રિકા 'નેચર'માં છપાયેલા એક અભ્યાસમાં આવો દાવો કરવામાં આવ્યો છે. તે સિવાય ઝહ્લઝ દ્વારા કરવામાં આવી રહેલા અન્ય એક અભ્યાસમાં પણ આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, કોવિડ-૧૯ના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓમાં કેટલાક મહિના બાદ પણ નવા લક્ષણો જણાઈ રહ્યા છે.

નેચરમાં છપાયેલા આ અભ્યાસ માટે સંશોધકોએ ડેટાબેઝમાંથી ૮૭,૦૦૦ કરતા વધારે દર્દીઓ અને આશરે ૫૦ લાખ સામાન્ય દર્દીઓની તપાસ કરી હતી. અભ્યાસ પ્રમાણે કોરોનાથી સંક્રમિત ન હોય તેમની તુલનાએ કોવિડ-૧૯ના દર્દીઓમાં સંક્રમણ બાદ ૬ મહિના સુધી મૃત્યુનું જોખમ ૫૯ ટકાથી પણ વધારે હતું.

અભ્યાસ પ્રમાણે ૬ મહિનામાં મરનારા પ્રત્યેક ૧,૦૦૦માંથી આશરે ૮ દર્દીના મોત લાંબા સમય સુધી રહેનારા કોરોનાના લક્ષણોના કારણે થયા હતા અને તેમના મૃત્યુને કોરોના સાથે જોડીને નહોતું જોવામાં આવ્યું. સંશોધકોના કહેવા પ્રમાણે ૬ મહિનામાં ૧,૦૦૦ દર્દીઓમાંથી ૨૯થી વધારે મોત એવા થયા જેમાં દર્દી ૩૦ દિવસ કરતા વધારે સમય હોસ્પિટલમાં દાખલ રહ્યો હતો.

# કોરોનાનો કહેર, દર મિનિટે ૨નાં મોત, પ્રતિ સેકન્ડે ૪ લોકો સંક્રમિત

ન્યુ દિલ્હી,તા.૧

ભારતમાં કોરોનાવાયરસની બીજી લહેર ખતરનાક થતી જઈ રહી છે. પાછલા કેટલાક દિવસોથી દરરોજ ચાર લાખ જેટલા નવા કોવિડ ૧૯ કેસ સામે આવી રહ્યા છે અને ત્રણ હજારથી વધુ એક દિવસમાં મોત થઈ રહ્યાં છે. ભારતમાં કોરોના કેટલો ઘાતક થઈ ગયો છે તેનો અંદાજો તમે આ વાત પરથી લગાવી શકો છો કે આપણા દેશમાં દરેક મિનિટે ૨ લોકોનાં કોરોનાથી મોત થઈ રહ્યાં છે. જયારે દરેક સેકન્ડે ૪ લોકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓથી માલૂમ પડ્યું કે ૩૦ એપ્રિલ સુધી ભારતમાં એવરેજ દરેક મિનિટે કોવિડ ૧૯થી ૨ લોકોના મોત થઈ રહ્યાં છે અને એવરેજ પ્રતિ મિનિટ ૨૭૦ લોકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે.

જયારે દિલ્હીમાં પાછલા કેટલાક દિવસથી દરેક મિનિટે કોરોનાના ૪ દર્દીઓનાં મોત થઈ રહ્યાં છે. દિલ્હીમાં વધતા મોતના આંકડાના કારણે ડેથ રેટમાં પણ વધારો થયો છે. દિલ્હી હવે દેશના પ્રમુખ શહેરોમાંનું એક છે જયાં કોરોનાએ સૌથી વધુ અસર કરી હોય. દિલ્હીમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના ૨૭૦૪૭ નવા મામલા સામે આવ્યા છે અને ૩૭૫ મોત થયાં છે. ગત એક દિવસમાં ૨૫૨૮૮ દર્દી રિકવર થયા છે. દિલ્હીમાં ૯૯૩૬૧ દર્દી એક્ટિવ છે.ભારતમાં કોરોના વાયરસના ૩૦ એફ્રિલે ૩,૮૬,૪૫૨ નવા મામલા સામે આવ્યા છે અને ૩૪૯૮ લોકોનાં મોત થયાં છે. મહામારીથી દેશમાં અત્યાર સુધીમાં ૨,૦૮,૩૩૦ લોકોના મોત થયાં છે. દેશમાં ૩૧,૭૦,૨૮૮ એક્ટિવ દર્દીઓ છે અને ૧,૫૩,૮૪,૪૧ લોકો રિકવર થઈ ચૂક્યા છે. દેશમાં કુલ પોઝિટિવ મામલાની સંખ્યા ૧,૮૭,૬૨,૯૭૬ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે એપ્રિલમાં દેશમાં કોરોનાના મામલા અચાનક વધી ગયા. દિલ્હી, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, ઝારખંડ, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં લોકોનાં મોત વધી રહ્યાં છે. કેન્દ્ર સરકાર આ પ્રભાવિત રાજ્યોના સંપર્કમાં છે.

# દિલ્લી સરકારને હાઈકોર્ટે પુછ્યા સવાલ- આર્મી પાસે કેમ નથી માંગી રહ્યાં મદદ

ન્યુ દિલ્હી,તા.૧

શનિવારે દિલ્હી હાઈકોર્ટમાં દિલ્હીની હોસ્પિટલોમાં ઓક્સિજન સપ્લાય, બેડ અને દવાઓના અભાવને લઈને સુનાવણી પણ યોજવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે દિલ્હી સરકારને ઠપકો આપ્યો હતો. કોર્ટે દિલ્હી સરકારને પૂછ્યું કે શા માટે તેમણે સેનાને ફિલ્ડ હોસ્પિટલ તૈયાર કરવાની વિનંતી કરી નથી. તેમની પાસે વિવિધ પ્રકારની તકનીક છે. એમ કહીને કે અમે પથારી વધારીશું સમસ્યાનો હલ નહીં થાય. આ તરત કરો.

સુનાવણી દરમિયાન દિલ્હીની બત્રા હોસ્પિટલે હાઈકોર્ટને કહ્યું હતું કે તેમાં ઓક્સિજનની વિશાળ અછત છે. બત્રા હોસ્પિટલના અધિકારીઓ કહે છે કે અમે આજે સવારે ૬ વાગ્યાથી એસઓએસમાં છીએ, ૩૦૭ દર્દીઓ દાખલ થયા છે, જેમાંથી ૨૩૦ ઓક્સિજન સપોર્ટ પર છે. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે દરેક જણ તાણમાં છે, આપણે તાણમાં પણ છીએ. હાઈ કોર્ટે બત્રા હોસ્પિટલને કહ્યું - તમે ડોક્ટર છો, તમારે નાડી પકડી રાખવી પડશે.

દિલ્હી હાઈકોર્ટે દિલ્હી સરકારને સવાલ કર્યા હતા જયારે અમે ૪ દિવસ પહેલા પૂછ્યું હતું કે સેનાને અહીં ફીલ્ડ હોસ્પિટલ સ્થાપવાની વિનંતી કેમ કરી નથી. તેની પાસે એક અલગ તકનીક છે. એમ કહીને કે અમે પથારી વધારીશું સમસ્યા હલ નહીં કરે. એમ કહીને કામ કરીશું નહીં. આ તરત કરો. દિલ્હી સરકારનું તર્ક એ હતું કે જયારે આપણે દિલ્હીમાં પલંગની સંખ્યા જાતે જ વધારવા જઈ રહ્યા છીએ, તો પછી સૈન્યની મદદ મેળવવા કેમ સતત દબાણ કરવામાં આવે છે. અમે જાતે પલંગની સંખ્યા વધારીને ૧૫,૦૦૦ કરી રહ્યા છીએ.હાઈકોર્ટે કહ્યું કે આ સમયે સહયોગી પ્રયત્નોની જરૂર છે, ઓક્સિજન વિના આ પથારીનો કોઈ ઉપયોગ થશે નહીં. જો આપણે સૈન્ય સાથે મળીને કામ કરીએ તો સરકારના સંસાધનોનો પણ વધુ ઉપયોગ કરવામાં આવશે. દિલ્હી સરકારના વકીલે હાઈકોર્ટમાં કહ્યું કે અમારા ઓક્સિજન ટેક્રરોને પ્લાન્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી નથી. દિલ્હી સરકારે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી કે સપ્લાય કરનારાઓ વિરુદ્ધ અવમાનની કાર્યવાહી શરૂ કરવી જોઈએ કારણ કે હજી પણ આઈનોક્સ સાથે ઓક્સિજન સપ્લાયની સમસ્યા છે.દિલ્હી હાઈકોર્ટે બીજો મહત્વપૂર્ણ સવાલ ઉઠાવ્યો. કોર્ટે દિલ્હી સરકાર અને હોસ્પિટલોને પૂછ્યું કે અમે એ જાણવા માંગીએ છીએ કે ૧ એપ્રિલથી કેટલા આઈસીયુ બેડ ભરાયા છે અને કોણે કબજો રાખ્યો છે. કોર્ટે કહ્યું કે કોઈ વ્યક્તિ ઈમર્જન્સી હોય તો જ હોસ્પિટલમાં જાય છે અને આવી સ્થિતિમાં જો આઈસીયુ બેડ ખાલી ન હોય તો આઈસીયુ બેડ સરક્યુલેટ કરવા જોઈએ.કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના વકીલે અરજી કરી હતી કે આવા ૧૨ કેસ સામે આવ્યા છે જેમાં રાજકીય પક્ષોના નેતાઓ તેમના પરિચિતોમાં રેમેડિસવીરના ઈન્જેક્શન વહેંચે છે. તે બ્લેક માર્કેટિંગ નથી? આ સમયે કોર્ટે વકીલને આ સંદર્ભમાં માહિતી અને પુરાવા પ્રદાન કરવા જણાવ્યું હતું.

# તંત્રી લેખ

## સુપ્રિમ કોર્ટ-હાઈ કોર્ટની ચેતવણી છતાં લોકો પરજ દોષ ઢોળવાનું કારણ.....?!

કેન્દ્ર સરકારમા બેઠેલાઓ એક પછી એક ભૂલ કરતા જઈ રહ્યા છે.... તે સાથે કોરોના ફેલાવવા માટે આમ પ્રજાની જવાબદાર ગણાવતા રહ્યા છે... ત્યારે મદ્રાસ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને જવાબદાર ગણાવતા કેન્દ્ર સરકાર હવે સમજી ગઈ હોવાનું લોકો માની રહ્યા હતા... પરંતુ ફરી એકવાર સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે લોકોની માનસિકતાને કારણે દેશમાં કોરોના મહામારી વકી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે એ પણ કહ્યુ કે હોશિયાર મિડીયા પર અનેક સંદેશમાં કેટલાક લોકો એવું કહેતાં દેખાયા છે માસ્કની જરૂર નથી તેના આગળ જીવન છે. વિવિધ પ્રતિક્રિયા સંદર્ભે સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે લોકો નિયમોનું પાલન કરે કારણ કે આપણે થાકી શકીયે પરંતુ કોરોના વાયરસ નહીં થાકે.....ત્યારે સવાલ એ બંને છે કે સ્વાસ્થ્ય મંત્રાલયને આવા સંદેશા દેખાયા હોય તો પાંચ રાજ્યોની ચૂંટણીઓ તથા જે તે રાજ્યોની સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓ દરમ્યાન યોજાયેલ સભાઓ,રેલીઓ સહિતના પ્રચાર-પ્રસાર તેમજ અન્ય સરકારી કાર્યક્રમોના સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયો અવશ્ય જોવામાં આવ્યા હશે કે જેમા રાજ નેતાઓ- નેતાઓ, ઉમેદવારો, કાર્યકરો કોરોના નિયમોની ઐસી તૈસી કરતા રહ્યા હતા... ત્યારે આ બાબતેની સ્વાસ્થ્ય મંત્રાલયે કેવી નોંધ લીધી છે....? તો કોરોના મહામારી બાબતોના ઓક્સિજનની અછત, રેમડેસિવીરની અછત, હોસ્પિટલ બહાર દર્દીઓની લાઈનો,સ્મશાન ગૃહો પર મૃતદેહોની લાઈનો વગેરે ઘટનાઓના વિડિયો વાઈરલ થયા છે તો તેના અંગે શું કહેશો....? પરંતુ હવે પોતાના બચાવ માટે થઈને આમ પ્રજાને દોષી ગણવાનું બંધ કરો... હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સહિત રાજ્યના સત્તાધારીઓને રાજનેતાઓને ઘણો મોટો ઈશારો કરી દીધો છે....હવે કોરોનાથી આમ પ્રજાને બચાવવા લોકોને જરૂરી તમામ મેડિકલ સારવાર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારી અભિયાન શરૂ કરો. બાકી મોટાભાગના લોકો માસ્ક સહિતના નિયમોનું પાલન કરી જ રહ્યા છે.... હા થોડા-ઘણા અબુધો કે નાસમજ હશે તે સ્વીકારવું રહ્યું પરંતુ આમ પ્રજાને દોષી ન ગણાય... જ્યારે એક આંગળી ચીંધીયે છીયે... ત્યારે ત્રણ આગળી પોતાની તરફ રહે છે...તે બાબત સરકારના જવાબદારો સમજે તે અતિ જરૂરી છે....!!

આજની સરકારની તકલીફ એ છે કે આમ પ્રજામાં કોરોના મહામારી બાબતે પરેશાન કે લોક પ્રશ્નો અનુસંધાને સાચી હકીકતો સોશિયલ મીડિયા પર વાયરલ કરે તો સરકાર આવા લોકોને સરકાર વિરોધી ગણે છે કે અન્ય રીતે વિરોધ કરીને હુકરાવે છે.... તો પ્રજા પોતાની પરેશાનીઓ કે જે તે પ્રશ્નો વાયરલ નહીં કરેલ તો શું તકલીફોનો ઉકેલ આવી જવાનો છે....? જ્યરે લોકોના પ્રશ્નોનું નિરાકરણ નથી થતું કે ઉકેલ નથી આવતો ત્યારે લોકો હોશિયાર મિડીયા પર વાયરલ કરે છે કે વોટ્સએપ દ્વારા વાયરલ કરે છે....

# સદાબહાર સૂર - ૧૮

## અવિનાશ વ્યાસ

અવિનાશ વ્યાસ એક એવું નામ જેના વિશે, જેમની રચનાઓ વિશે કશું પણ કહેવું હોય તો શબ્દો ખૂટે, પાના ઓછા પડે પણ ક્યારેક અવિનાશ વ્યાસ માટે બે-ચાર વાક્યોમાં પણ ઘણું કહેવાઈ જાય. એ કહેવા માટે અવિનાશ વ્યાસને એમના જ શબ્દ અને સૂરથી ઓળખવા પડે. એમની સૂઝ પારખવી પડે. એમની અભિવ્યક્તિને પામવી પડે.


આવા એમને પારખી ગયેલા, પામી ગયેલા એક ઉચ્ચ કોટીના ગાયક, સ્વરકારે એમના માટે જે કહ્યું છે એ આજે અહીં ટાંકુ છું.

“આજે આખાય વિશ્વનો વ્યાપ લઈને બેસેલો છે એ માણસ જેના નામનો કદી નથી નાનો વ્યાસ, જેનું નામ હતું, છે અને રહેશે એ છે અવિનાશ વ્યાસ.” પુરુષોત્તમ ઉપાધ્યાય જેવી વ્યક્તિ જ્યારે અવિનાશ વ્યાસ માટે જે વાક્ય બોલ્યા એ જાણે આખા સંદર્ભગ્રંથ જેવા છે.

એવા જ એક બીજા ગાયક-સ્વરકાર આશિત દેસાઈએ કહેલી વાત આજે જો પુનરુક્તિ જેવી લાગે તો પણ કહેવાની ઈચ્છા થાય જ છેપએમણે કહ્યું હતું કે

“અવિનાશભાઈ એટલે ગુજરાતી સુગમ સંગીતમા ભિષ્મપિતામહ એટલે માતા અને પિતા એમ બંનેનું કામ એમણે સંભાળ્યુ. સુગમ સંગીતનો પાયો મજબૂત કરવામાં એમનો ફાળો ખુબ મહત્વનો છે.” અવિનાશ વ્યાસ પોતાની રચનાઓ જાતે જ સ્વરબદ્ધ કરતા હતા. એમની રચનાઓમાં કાવ્યત્વતો હતું જ પણ એની સાથે ખુબ સુરીલી પણ હતી.

આ સુગમ સંગીત એટલે ભારતીય સંગીત વિદ્યાનું એવું અંગ જે સરળતાથી શીખી કે ગાઈ શકાય. જેને નિયમોથી બાંધવામાં ન આવ્યું હોય તેમ છતાં લોકોમાં પ્રિય હોય. લોકપ્રિય ગીત, લોકપ્રિય સંગીત, ભજનો, ફિલ્મી ગીતો પણ આ પ્રકારના સંગીતમાં આવે અને અવિનાશ વ્યાસનું નામ આ સુગમ સંગીત ક્ષેત્રે મોખરાનું છે એ તો સર્વ વિદિત વાત છે. કનૈયાલાલ મુનશીએ તેમને ભારતીય વિદ્યા ભવનના સંગીત વિભાગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા એ પણ સૌને ખબર છે પરંતુ બહુ ઓછાને એ ખબર હશે કે એક કાર્યક્રમમાં અવિનાશ વ્યાસ સ્ટેજ પર સંગીત




કંડક્ટ કરતા હતા અને આ ગુજરાતના નાથ કનૈયાલાલ મુનશી પ્રેક્ષક તરીકે પ્રેક્ષકગૃહમાં હાજર હતાપકલ્પના કરીએ ને તો પણ આનંદિત થઈ જવાય એવી આ ઘટના હતી.

અવિનાશ વ્યાસે સરળ અને મધુરા ગીતો તો આપ્યા જ છે પણ એ સરળતાની સાથે ક્યારેક સાવ ઓછા વપરાતા એવા શબ્દોને પણ સરસ રીતે એ પોતાના ગીતમાં ગૂંથી લેતા. આજે એક એવા જ શબ્દપ્રયોગને યાદ કરવાનું મન થયું છે.

આ એકદમ મસ્તીભર્યું ગીત ગાયું છે આશા ભોંસલે અને મહેન્દ્ર કપૂરેપ..

આપણે આગળ વાત કરી હતી એમ અવિનાશ વ્યાસે બીન ગુજરાતી ગાયકો પાસે અનેક ગીતો ગવડાવ્યા એમાં આશા ભોંસલેએ તો અનેક ગીતો ગાયા છે સાથે ઘેઘૂર અવાજ ધરાવતા ગાયક મહેન્દ્ર કપૂરે પણ સાથ આપ્યો છે.

**એક પાટણ શહેરની નાર<br>પદમણી, આંખ નચાવતી ડાબી<br>ને જમણી<br>સૂરત જાણે ચંદા પૂનમની<br>બીચ બજારે જાય, ભાતીગળ<br>ચૂંદડી લહેરાય<br>ઝાંઝરીયું ઝમક ઝમક<br>ઝમક ઝમક ઝમક ઝમક થાય.**

**એક વાગડ દેશનો બંકો<br>જુવાનીયો, રંગ જાણે એનો<br>લાલ ફાગણીયો<br>કંઠે ગરજતો જાણે<br>શ્રાવણીયો, સાવજડો<br>વર્તાય,નજર્યુંમાં આવી એવો<br>નજરાય<br>દલડું ધબક ધબક ધબક<br>ધબક ધબક ધબક થાય**

અહીં વાત તો પ્રેમમાં રસ તરબોળ દિલની જ છે પણ ગીતકાર અવિનાશ વ્યાસે ગીતમાં ભાવની સાથે શબ્દોને એવા તો રમતીયાળ રીતે રમતા મુક્યા છે કે સાંભળીને એ ઝાંઝરનો ઝમકાર કાનને સંભળાવા માંડે. ઝમક ઝમકની જેમ જ ધબક ધબક શબ્દને ભારે લહેકાપૂર્વક એકથી વધારે વાર મુકીને એ શું પ્રસ્થાપિત કરવા માંગે છે?

આ ઝમક, ઝમક કે ધબક ધબક શું છે? આમ તો કાના-માત્ર વગરના શબ્દો જ ને પણ આ કાના-માત્રા વગરના શબ્દોને અવિનાશ વ્યાસે ગીતમાં એવી રીતે વણી લીધા છે કે સાંભળતાની સાથે એ નારીના હૃદયના ધબકારા આપણા કાન સોંસરા ઉતરી દિલ સુધી પહોંચી જાય. આપણા હાથની થાપ આપોઆપ એની સાથે તાલ મેળવી લે.

વળી આ ગીતમાં અંગ રંગ, ઢંગ જેવા શબ્દોને પણ કેવા અલગ રીતે અજમાવ્યા છે !

**રંગમાં નખરો, ઢંગમાં<br>નખરો,<br>રૂપ એવું અંગ અંગમાં<br>નખરો;<br>પાતળી કેડને ભાર<br>જોબનનો જીરવ્યો ના જીરવાય,<br>ભાતીગળ ચૂંદલડી<br>લહેરાય,<br>ઝાંઝરીયું ઝમક ઝમક<br>ઝમક ઝમક ઝમક ઝમક થાય..**

**બંકડી મૂછો અરે બંકડી<br>પાઘડી,<br>રંગ કસુંબલ ભરી<br>આંખલડી,<br>હાલક ડોલક ડુંગરે ચડે<br>પડ છો ના પરખાય,<br>નજર્યુંમાં આવી એવો<br>નજરાય,<br>દલડું ધબક ધબક ધબક<br>ધબક ધબક ધબક થાય..**

**શબ્દોની જાણે સાતતાળી<br>માંડી ના હોય!**

એવું જ બીજું ગીત..

**ચરરર ચરરર ચકડોળ<br>મારું ચાલે, ચાકડ ચું ચીં ચીં<br>ચાકડ ચું ચીં ચીં તાલે**

હવે આમ તો સામાન્ય રીતે આપણે આ ચરરર કે ચાકડ ચું ચી ચી જેવા શબ્દો ક્યાં અને ક્યારે વાપરીએ છીએ પણ જ્યારે અવિનાશ વ્યાસ આ ગીત રચે અને પાછું સંગીતે પણ મઢે ત્યારે આવા શબ્દો પણ આપણને ગમતા થઈ જાય અને આપણે એ ગણગણતા થઈ જઈએ અને મઝાની વાત તો એ કે આ ગીત એમણે મન્ના ડે પાસે ગવડાવ્યું. હવે આ બંગાળી ગાયક માટે આ ગીત ગાવું સાવ સહેલું તો નહી જ હોય ને? પણ અવિનાશ વ્યાસે એ શક્ય કરી બતાવ્યું અને આજે પણ આ ગીત એટલું જ ગવાય છે.એવી રીતે હુતુતુતુતુતુતુતુ જેવું ગીત હોય અને મન્ના ડે જેવા ગાયકે ગાયું હોય ત્યારે એ એક ઈતિહાસ જ રચે ને? પણ આ ગીતની રચના પાછળનો ઈતિહાસ આપણે આવતા લેખમાં જોઈશું આજે તો માણીએ




# રેમડેસિવીર ઈન્જેકશન નંગ-૦૨ કિ.રૂ.૧૭૯૮/- કુલ મુદ્દામાલ કી.રૂ ૬,૨૨,૨૯૮/- સાથે આઠ (૦૮) આરોપીઓને પકડી પાડતી એલ.સી.બી.બનાસકાંઠા..

હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ મહામારીમાં કોરોના સંક્રમિત થયેલ ગંભીર દર્દીઓની સારવાર માટે આપવામાં આવતા રેમડીસીવર ઈન્જેકશનોની અછત હોય તેનો આર્થિક ફાયદો ઉઠાવવા સારૂ ગે.કા રીતે ઈન્જેકશનો મેળવી કોરાના સંક્રમિત થયેલ દર્દીઓ કે તેમના સગાઓ સાથે ગુનાહિત કાવતરૂ રચી રેમડીસીવર ઈન્જેકશન નંગ-૦૨ કિ.રૂ.૧૭૯૮/- ની સરકારી કિંમતના તેઓએ એક ઈન્જેકશન રૂ.૩૦,૦૦૦/- લેખે બે ઈન્જેકશનના રૂ.૬૦,૦૦૦/- માં નીયત કિંમત કરતા ઉંચી કિંમતે વેચાણ તથા ખરીદ કરી કરાવી તથા મોબાઈલ તથા વાહન તથા રોકડ રકમ રૂ.૬૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૬,૨૨,૨૯૮/- ના મુદ્દામાલ સાથે આઠ (૦૮) આરોપીઓને પકડી પાડતી એલ.સી.બી.બનાસકાંઠા

IGP બોર્ડર રેન્જ ભુજ જે.આર.મોથલીયા તથા SP બનાસકાંઠા - પાલનપુર તરૂણ દુગ્ગલ નાઓએ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ મહામારીમાં કોરોના સંક્રમિત થયેલ ગંભીર દર્દીઓની સારવાર માટે આપવામાં આવતા રેમડીસીવર ઈન્જેકશનોની કાળા બજારી રોકવા અંગે સુચના કરેલ હોય તેમજ એચ.પી.પરમાર પોલીસ ઈન્સપેક્ટર તથા આર.જી.દેસાઈ પોલીસ સબ ઈન્સપેક્ટર એલ.સી.બી. બનાસકાંઠા નાઓના માર્ગદર્શન હેઠળ દિગ્વિજયસિંહ તથા નરેશભાઈ તથા પ્રકાશભાઈ તથા જયપાલસિંહ તથા ઈશ્વરભાઈ તથા પ્રવિણકુમાર તથા ગજેન્દ્રદાન તથા નાથુભાઈ તથા પ્રકાશકુમાર તથા મહેશભાઈ તથા ભરતભાઈ તથા લક્ષ્મણસિંહ ની ટીમે ડીસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન



ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસમહામારી દરમ્યાન કેટલાક લોકો રેમડેસીવીર ઈન્જેકશનોનુ કાળા બજારમાં વેચાણ તથા ખરીદ થાય છે અને એકઆઈ-૧૦ કાર નં.જી.૦૮.એ.૮૯૭૫ માં કેટલાક ઈસમો રેમડેસીવીર ઈન્જેકશનનો કાળા બજારમાં મેળવવા ડીસા ડીસંન્ટ હોટલ નજીક આવનાર છે. જે હકીકત આધારે રેમડીસીવર ઈન્જેકશનોની ખરીદી કરનાર (૧) ઈશ્વરભાઈ શંકરભાઈ લુહાર રહે.ઘેસડા તા.થરાદ તથા (૨) ભેમજીભાઈ વનાભાઈ ચૌધરી રહે.ઘેસડા તા.થરાદ તથા (૩) આશારામભાઈ શંકરભાઈ લુહાર રહે.ઘેસડા તા.થરાદ તથા (૪) કીરણભાઈ પોપટભાઈ લુહાર રહે.ચાંદરવા તા.વાવ તથા રેમડેસીવીર ઈન્જેકશનનોનુ વેચાણ કરનાર (૫) હર્ષ લેખરાજભાઈ ઠક્કર રહે.મ.નં.કે/૨૦૬ વસંતનગર ટાઉન શીપ ગોતા અમદાવાદ શહેર મુળ રહે. ૬૫ મંગળપાર્ક રીલાયંન્સ પેટ્રોલ પંપની પાછળ ડીસા (૬) હરેશભાઈ મહેન્દ્રભાઈ માળી રહે.મ.નં.જે/૦૦૪ વસંતનગર ટાઉન શીપ ગોતા અમદાવાદ શહેરમુળ રહે.જોધપુરીયા ઘાણી માલગઢ તા.ડીસા (૭) આકાશભાઈ છગનભાઈ દેસાઈ રહે.મ.નં.૧૪૪૨ ભગવતીનગર વસંતનગર ટાઉન શીપ ગોતા અમદાવાદ (૮) પવનભાઈ હરીઓમનાથ યોગી રહે.મ.નં.એલ/૩૬૩૨ભગવતીનગર વસંતનગર ટાઉન શીપ ગોતા અમદાવાદ વાળાઓને બાતમી આધારે રેમડીસીવર ઈન્જેકશન નંગ-૦૨ કિ.રૂ.૧૭૯૮/- તથા મોબાઈલ ફોન નંગ-૦૭ કિ.રૂ.૬૦,૫૦૦/- વાહનો નંગ-૦૨ કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂ.૬૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૬,૨૨,૨૯૮/- ના મુદ્દામાલ સાથે આઠ (૦૮) આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ડીસા રૂરલ પોલીસ સ્ટેશન સોપેલ છે.

(રીપોર્ટર કનુજી ઠાકોર બનાસકાંઠા)

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૫૧)

### વર્ષા જાની


માણસને ગઈકાલ સુધી પૈસાની હવા હતી!પણ આજે હવાનાં પૈસા આપવા પડે !કેટલી કુદરતની વક્રતા! પહેલાં માણસે ક્રૂર બનીને વૃક્ષોનું નિકંદન કાઢી નાખ્યું, કોક્રીટનાં જંગલો ઉગાડવા માટે! જે વૃક્ષો વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઇ જેવો ઝેરી પદાર્થ પોતાનામાં ગ્રહણ કરીને માનવજાતને જીવવા માટે ઓક્સિજનની ભેંટ આપતાં હોય, એનો જ છેદ ઉડાડી દેવાનો?

હાલની કોરોના પરિસ્થિતિમાં માણસની દશા તો જુઓ, કેટલી હદે દયનીય બની બેઠી છે!પોતાના સ્વજનોને જીવનમરણ વચ્ચે તડપતાં જોઈને રીતસર ઓક્સિજન નો બાટલો મેળવવા માટે ગમે એટલી મોટી રકમ ચૂકવવા પણ તૈયાર છે.ઓક્સિજન ખરીદવા માટે ઘણીવાર તો ગમે એટલા રુપિયા આપવા છતાં ય મળતો નથી.ઓક્સિજનની સતત અછત!!..

જેની પાસે ઓક્સિજનની બોટલ, ઈન્જેકશન, દવા છે, એ પણ માનવતાને નેવે મૂકીને કાળા બજાર કરી, મનફાવે તેટલા રુપિયામાં વેચાણ કરે છે! જાડી ચામડીના સાલા રાક્ષસો!એવું લાગે છે કે રાક્ષસોનાં વંશજો હજી જીવતા લાગે છે!ફરક માત્ર એટલો જ કે એને માત્ર બહાર શીંગડા નથી!પણ અંદર લાલચના શીંગડા તો માપી ન શકાય એટલા લાંબા છે. લાલચ તારા લાંબા પગ.. ની જેમ.

હાલની આ મહામારીના સમયમાં દરરોજ નવી ખાનગી હોસ્પિટલ ખુલવાના રાફડા ફાટ્યા છે! તબીબીજ્ઞાન માત્ર ઝીરો હોય, એવાં વ્યક્તિઓ પણ પંદરવીસ પલંગો ગોઠવીને દર્દીના જીવનસાથે ચેડા કરીને ધંધો માંડીને બેસી ગયા છે!બિચારા દર્દી અને એનાં સગા જીવન બચાવવાની લ્હાયમાં ત્યાં કોણ ડોક્ટર છે? કે ક્યા પ્રકારની મેડિકલ સુવિધાઓ છે?એ કશીય બાબત જાણ્યા વગર રઘવાયા થઈને દોડવા જ માંડે!વળી પાછા જે તે ખાનગી હોસ્પિટલમાં અંદર ખાલી બેડ પડ્યાં હોવાં છતાંય ×જગ્યા જ નથી ×... ફૂલ છે! × નો હાઉ ઊભો કરીને લોકોને ગભરાવવામાં આવતા હોય!પછી હળવેકથી દર્દીના સગાને કહેવામાં આવે કે સામે એડવાન્સ પચીસ હજાર.. પચાસ હજાર.. ભરી આવો! એટલે તમારો વેઈટિંગમાં જલદી વારો આવી જાય! માણસ બિચારો, સ્વજનોને બચાવવા માટે ખુલ્લેઆમ થતી લૂંટનો ભોગ બને!અને ઘણીવાર તો અણઘડીયા ઉંટવૈદોનો પણ બિચારા લોકો ભોગ બની જાય છે! અને યોગ્ય ટ્રીટમેન્ટનાં અભાવે સ્વજનની તબિયતમાં જરાપણ સુધારો થતો નથી. ગમેએટલા રૂપિયાની નદીઓ વહાવવા છતાં પણ, અંતે તો સ્વજન ગુમાવવાનો વારો આવે! આ તે કેવો ઘોર કળિયુગ? માણસ જ માણસ માટે માણસાઈ નેવે મૂકે! રુપિયાનાં હડકાયા કૂતરા, ક્રૂર રાક્ષસોની જેમ અટ્ટહાસ્ય કરે!

સિવિલ હોસ્પિટલમાં ઘણીવાર સારી સારવાર પામીને દર્દીઓ સાજા થઈ ગયાના કેટલાય દાખલા જોવા મળ્યા છે.ઓક્સિજન, વેન્ટિલેટર, આ બધાની સગવડ જ્યાં પ્રાઈવેટ હોસ્પિટલની સરખામણીએ સરળતાથી પ્રાપ્ત થઈ રહેતી હોય!અને એ પણ બિલકુલ



ફીમાં.તેમછતાં રુપિયાવાળા લોકોને ઘણીવાર સિવિલમાં સારવાર લેવી પસંદ પડતી નથી!અને ત્યાંથી સારવાર છોડી બહાર પ્રાઈવેટ હોસ્પિટલમાં, જ્યાં કોઈ એક્સપર્ટ ડોક્ટર જ નથી!ત્યાં હાથે કરીને કુવામાં પડવામાં જાય!સારું છોડીને નબળાને પકડે!પછી જીવ ગુમાવી બેસે! ત્યારે સ્વજનો હાથ ઘસતાં રહી જાય!અને જીવનભર પારાવાર પસ્તાવાનો વારો આવી બેસે! સિવિલ એટલે શરમ અનુભવવી.. અને પ્રાઈવેટ એટલે જાણે જંગ જીત્યા!એવું માની લેવું અતિ ભૂલ ભરેલું ગણી શકાય!

હાલમાં લોકો સારી હોસ્પિટલ,ઈન્જેકશન, દવા, ઓક્સિજન અને વેન્ટિલેટરની અછતનાં કારણે મોતને ભેંટી રહ્યાં છે!

કાળ રીતસરનું મોતનું તાંડવ જાણે કે ખેલી રહ્યો છે! યમરાજનો કાળભર્યો પંજો પ્રસરી રહ્યો છે! સતત સગા સ્વજનોના મૃત્યુનાં સમાચાર! ઓહ, હવે તો નથી ખમાતું!ભગવાન.. હવે, આટલો બધો કોપ સહન નથી થતો... ઈશ્વર..!!

ખમ્મા કરો, ખમૈયા કરો... મારાં રામ....

વર્ષા જાની<br>ભાવનગર<br>૨, મે,૨૦૨૧

## કોરોના સંક્રમિત ૧૧ વર્ષના બાળકે કીમોથેરાપીથી કોરોનાને આપી મ્હાત

સુરત,તા.૧

ડો.આદિત્ય ભટ્ટે જણાવ્યું, આ કેસ અમારા માટે બહુ ક્રિટિકલ હતો. કારણ કે ૧૧ વર્ષના બાળકને બ્રેઈન ટ્યુમર હતું. બાળકે હજી થોડાં દિવસ પહેલાં જ કિમોથેરાપી લીધી હતી. કિમોથેરાપી જ્યારે લેવામાં આવે ત્યારે શરીરમાં રોગપ્રતિકાર શક્તિ ઓછી હોય છે. એટલે વાઈરસ શરીર પર વધારે કબજો જમાવી લે છે.આ ઉપરાંત મગજમાં પાણી ભરાવાની સમસ્યા હતી. અનેક મુશ્કેલી છતાં અમે હિંમત રાખીને સારવાર કરાવી. બાળકને ઓક્સિજનની તો જરૂર પડી ન હતી, પરંતુ બાળકનું મન મક્કમ હોવાને કારણે કોરોનાને હરાવી શક્યો હતો. બાળકની હિંમત જ અમને હિંમત આપી રહી હોય તેવું લાગતું હતું. ચિંતા હતી કે સારવાર કેવી રીતે કરીશું. પરંતુ જેમ સારવાર કરતાં ગયા તેમ ભગવાન જાણે અમને રસ્તો બતાવતા ગયા હતા.



## ૨ મે, વિશ્વ હાસ્ય દિવસ<br>હાસ્ય થેરાપી અપનાવવી<br>હાસ્ય એ સસ્તામાં સસ્તી દવા છે.

જાન્યુઆરી ઈ.સ ૧૯૯૮માં ડૉ.મદન કટારીયા દ્વારા મુંબઈમાં વિશ્વ હાસ્ય દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. હાસ્ય એક યોગની જેમ વ્યક્તિને ઊર્જાવાન બનાવવાની સાથે સમાજમાં શાંતિ, ભાઈચારો અને સદભાવના વધે એ સાથે તેવા ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં ખુશહાલી ફેલાવવા માટે દર વર્ષે મેના પહેલા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ હાસ્ય દિવસ ૨ મે, ૨૦૨૧ ના રોજ મનાવવામાં આવશે. ડૉ.મદન કટારીયા પોતાના એક અનુભવમાં જણાવે છે કે હાસ્ય અસરકારક દવા છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલી એક વાત કરું, આંધ્રપ્રદેશમાં વિશ્વમોહન નામના એક વ્યક્તિ હતા. તે હાસ્ય યોગથી જોડાયા પહેલાં તેમને લગભગ દરેક પ્રકારની બીમારી હતી, અને તે હસનાર વ્યક્તિઓથી ખૂબ જ ચીડાતા હતા. એક વખત મારા લાફટર ક્લબના મેમ્બરે તેમને અમારા ક્લબમાં બોલાવ્યા તો તે શરૂઆતમાં તો મન વિના આવતા હતા, પરંતુ ક્લબમાં આવ્યાં બાદ છેલ્લાં ૨૦ વર્ષમાં જે બદલાવ ન આવ્યો તે બદલાવ છ મહિનામાં જ દેખાવા લાગ્યો. તેમની હેલ્થ વધુ સારી થતી ગઈ. તે રોજ ઘણી દવાઓ લેતા હતા. પરંતુ છેલ્લા છ મહિના બાદ તેમની દવાઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો. હસવું એ એક ઉપચારનું સૌથી સુખદ સ્વરૂપ છે. તેમાં ફક્ત તમારા આત્માને જ નહીં પણ તમારા શરીરને પણ સાજા કરવાની શક્તિ છે. તે આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને દૂર કરે છે અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે. તે પીડા, તાણ અને સંઘર્ષ માટેના મારણનું કામ કરે છે. તમે કદાચ આ વાક્ય સાંભળ્યું હશે, ‘હાસ્ય એ શ્રેષ્ઠ દવા છે.‘ જ્યારે પણ તક મળે ત્યારે હસો, જ્યારે લોકો તમને રમૂજી દેખાવ આપે ત્યારે પણ હસવાનું બંધ ન કરો. હાસ્ય એ વૈશ્વિક ભાષા છે. તે આશાને પ્રેરણા આપે છે, તમને અન્યથી જોડે છે. એ ગુસ્સો મુક્ત કરવામાં અને વહેલા માફ કરવામાં મદદ કરે છે. ફક્ત એક સરળ સ્મિત અથવા સહેજ હરકતો એ આસપાસના વાતાવરણ અને મૂડને સંપૂર્ણપણે બદલી શકે છે. હાસ્યમાં રૂઝ આવવા અને નવીનીકરણ કરવાની શક્તિ છે. એક અંદાજ મુજબ દિવસમાં ૧૫ મિનીટ હસવાથી ૯૨% બીમારીઓથી રાહત મળે છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલ પ્રક્રિયા છે. જે વ્યક્તિ જીવનમાં હાસ્યનું મહત્વ સમજીને તેને યોગ,પ્રાણાયામની માફક જો હાસ્ય થેરાપીને જો પોતાના જીવનમાં ઉતરશે તો ઘણા ખરા રોગોથી બચી શકાય છે. વર્તમાન સમયમાં તો કોરોનાનાં કારણે ચારેય દિશાઓમાં ફેલાયેલ નકારાત્મકતા અને ડરને દુર કરવા માટે આ થેરાપી માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે મદદરૂપ નીવડી શકે છે.

**હસતે હસતે, કટ જાયે રસ્તે...<br>ઝીંદગી યું હી ચલતી રહે.**

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001